

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

*પેકેજ કૃપાથી, ઘરનાં ઘર, ખોરડાં બંધાશે,*
*ઉજવાશે સામાજિક પ્રસંગો તોરણાં બંધાશે!*
*લેવાશે ઓવારણાં 'સફળ નેતૃત્વ'નાં પ્રેમથી -*
*ને આવતાં 'માર્ચે' તો ઘરોઘર પારણાં બંધાશે!*
*(લોકડાઉન સાઈડ ઈફેક્ટ)*

હાઈકુ

*કરે પસંદ -*
*આળશુ કર્મચારી -*
*લોકડાઉન!*

*લ્યો ! આવકનાં -*
*માત્ર પગાર પછી -*
*દ્વાર ખૂલશે!*

### ચિંતન

*ઉત સ્વઃ પશ્યન્ત દદર્શ વાતમુત*
*ત્વઃ શૃણ્વન શ્રણોત્યેનામ્ ॥*

**ઉપરોક્ત શ્લોક ઋગ્વેદમાંથી લેવામાં આવેલ છે.**

**જે સદુપદેશ સાંભળે, પરંતુ તેને પોતાના જીવનમાં ધારણ ન કરે તે આંધળા અને બહેરા સમાજ જ છે.**

**ધર્માચાર્યો અને વિદ્વાનોએ ઘણી જ ગંભીરતાથી અને તત્પરતાથી માનવ મનનું મનોવૈજ્ઞાનિક વિશ્લેષણ કર્યું છે. તેઓએ પ્રવચન તથા ઉપદેશોના માધ્યમથી લોકોને તકલીફોમાં માર્ગદર્શન આપવાનું કાર્ય કર્યું છે. વિદ્વાન લોકો પહેલા ઊંડા મનન, ચિંતન અને પ્રયોગ દ્વારા પુરાણોની સત્યતાને પારખીને માનવીને ઉપયોગી અંશ આપણી સમક્ષ રજૂ કરે છે.**

**ધર્મ શું છે? ધર્મ એ તો નૈતિક નિયમોનો સંગ્રહ છે. આ નિયમોનું પાલન કર્યા વગર મનુષ્યનું ન તો વ્યક્તિગત જીવન સારી રીતે ચાલી શકે કે ન તો સામાજિક જીવન. આ નિયમોનું પાલન નહિ કરવાના કારણે જ માનવજીવનમાં વિકાર આવે છે. પણ જયારે આ નિયમો પ્રમાણે લોકો આચરણ ન કરે તો તેમના જીવનમાં દુઃખ, કલહ અને કલેશ આવ્યા કરે છે.**

### સુવિચાર

- દુષ્કૃતોના ત્યાગનો મંત્ર છે 'મિચ્છામિ દુક્કડં'...
  સુકૃતોના સ્વીકારનો મંત્ર છે 'ઈચ્છામિ સુકંડ'... - **ધર્મલોક**
- શક્તિ વિના ઈચ્છાનું એ મૂલ્ય છે જે દિવેટ વગર બત્તીનું છે - **વિલ્સન**
- શક્ય છે દેડકો બળદના કરતાં વધુ ઘોંઘાટ કરે, પરંત ન તો એ ખેતરમાં હળ ખેંચી શકે છે કે ન તો રેંટનું ચક્ર ફેરવી શકે છે, કે ન તો તેના ચામડામાં પગરખાં થઈ શકે છે - **ખલીલ જિબ્રાન**
- સ્વાસ્થ્ય પરિશ્રમમાં વાસ કરે છે અને ત્યાં સુધી પહોંચવાનો માર્ગ પરિશ્રમ અન્ય કોઈ નથી - **બેન્ડેલ ફિલિપ્સ**
- મહાન વિચાર કર્મમાં પરિણમે છે ત્યારે મહાન કાર્ય ઉદ્‌ભવે છે - **હેઝલિટ**
- નિષ્ફળતા નિરાશાનું સૂત્ર કયારેય નથી, પરંતુ નથી પ્રેરણા છે - **બૌધિ વૃક્ષ**
- આજનું ઔષધ : મધને નવશેકું, ગરમ કરી તેમાં કાંદાનો રસ ઉમેરી દિવસમાં ચારવાર પીવાથી ઉધરસ મટે છે

**(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

એમબીએની પ્રતિષ્ઠિત કૉલેજમાં પ્રવેશ માટેના ઈન્ટરવ્યુ ચાલી રહ્યા હતા. વિદ્યાર્થીઓ પણ જોરદાર તૈયારી સાથે આવ્યા હતા. તેમાં એક હોંશિયાર વિદ્યાર્થીને પૂછાયું, 'ભાઈ, અમે તને કાં તો દસ સહેલા સવાલ પૂછીએ અથવા એક જ એવો સવાલ પૂછીએ, જે ખરાં અર્થમાં અઘરો હશે, તમે એક જ મિનિટમાં અમને જણાવો કે તમે શું પસંદ કરશો ? એ જવાબ પરથી અમે નક્કી કરીશું કે તમને પ્રવેશ આપશો કે નહીં. અડધી મિનિટમાં વિદ્યાર્થીએ પેનલ ને કહ્યું, અઘરો સવાલ પૂછો હું તૈયાર છું' પેનલમાંના એકે પૂછ્યું, 'અમારો સવાલ છે કે પહેલાં શું આવે, દિવસ કે રાત ?' વિદ્યાર્થી ઘડીભર ગભરાઈ ગયો. પણ આ એક જ અઘરા સવાલના જવાબ ઉપર તેના એડમિશનનો આધાર હતો. તેણે કહ્યું, 'દિવસ જ પ્રથમ ઊગે, સાહેબ !!' પ્રશ્ન પૂછનારે કહ્યું, 'તું આમ કેવી રીતે કહી શકે ?' વિદ્યાર્થીએ જવાબમાં કહ્યું, 'માફી ચાહું છું, આપના તરફથી શરત એવી હતી કે આપ એક જ અઘરો સવાલ પૂછશો. અને મારે એક જ અઘરાં સવાલનો જવાબ આપવાનો છે, બીજોનો નહીં.' પ્રશ્ન પૂછનાર વિદ્યાર્થીની ચાલાકી અને હાજર જવાબીથી ઈમ્પ્રેસ થઈ ગયા અને એ વિદ્યાર્થીને એડમિશન મળી ગયું. કપરી પળે કોઠાસૂઝ કામે લગાડો તો સફળતા મળે જ.

# કોરોનાએ માનસિકતા બદલી છે...

*તંત્રીસ્થાનેથી...*

કેન્દ્ર સરકાર ધીરે ધીરે દેશના નાગરિકોને લોકડાઉનની વસમી વ્યવસ્થામાંથી મુક્ત કરવા માગે છે પરંતુ કોરોનાના પોઝિટિવ કેસ અને મરણાંક ઘટાડવામાં તંત્રને નરિ નિષ્ફળતા જ સાંપડી રહી છે. સાજા થઈ રહેલા દરદીઓની ટકાવારી વધી રહી હોવાનું બતાવી તંત્ર શાહમૃગછાપ સંતોષ લઈ રહી છે. અન્ય દેશોની સરખામણીમાં ઓછો મરણાંક જરૂર શાતાદાયક લાગે, પણ એનું કારણ તો કદાચ અંતર્નિહિત ઊંચી પ્રતિકાર શક્તિ અને ઊંચું ઉષ્ણતામાન હોઈ શકે. કોરોના જેવા લાખો વાઈરસ અને બૅકેટરિયા એક સરેરાશ ભારતીય વ્યક્તિનાં શરીરમાં અડિંગો લગાવીન જિંદગીભર રહેતાં હોય ત્યારે પ્રદૂષણ સાથે પનારો પાડવા ટેવાયેલ આપણું શરીર વધુ સુવિધાયુક્ત અને સ્વચ્છ વાતાવરણમાં રહેનારા યુરોપ કે અમેરિકાના લોકો કરતાં કુદરતી રીતે જ વધારે મજબૂત પ્રતિકાર શ્કતિ ધરાવતું બની ગયું હોય. ઊંચુ ઉષ્ણતામાન પણ આવા ક્ષુલ્લક વિષાણુઓને વકરવા ન દે. તજજ્ઞ વૈજ્ઞાનિકો તો ત્યાં સુધી કહેવા લાગ્યા છે કે કોરોના રસી કરતાં કુદરતી ઈમ્યુનિટી જ એની સામેની સાચી ઢાલ બની રહેશે. આમ પણ વિશ્વની બદનામ ફાર્મા ઈન્ડસ્ટ્રી તો યેનકેન પ્રકારેણ લોકોનાં ખીસાં હળવાં કરવાની તક જ શોધતી હોય છે. રસીનું ઉત્પાદન કરી એનું વ્યાપક વેચાણ કરવાની માર્કેટિંગ પૉલિસી અન્વયે કોરોનાની ઘાતક અસર વિશેનો પ્રચાર પ્રસાર કરાવી આ લોબીએ દુનિયા આખીને બાનમાં લીધી હોય તે પણ બનવાજોગ છે. મૃત્યુથી મોટો કોઈ ભય ન હોઈ શકે, અને કોરોનાના નવા વાઈરસની ઓળખ જ મોતના દૂત તરીકે કરાઈ છે. અલબત્ત, આ થિયરી સાથે સહમત થવું અઘરું છે પણ એટલું તો ચોક્કસ છે કે આખી દુનિયાને ભયગ્રસ્ત અને પાયમાલ કરી મૂકનાર 'કોવિદ-૧૯' માનવીની માનવી સાથેની ઘનિષ્ઠતા માટે નકારાત્મક પુરવાર થઈ રહી છે. સોશિયલ ડિસ્ટંસના નામે આત્મીયતા આપોઆપ ઓછી થઈ રહી છે તો વળી સતત ઘરમાં ગોંધાઈ રહેવાથી અને મનગમતી મુક્ત વિહારની પ્રવૃત્તિઓથી વેગળા પડી જવાની માણસની કુદરતી પ્રતિકાર શક્તિ આપોઆપ ઓછી થવાની છે. માસ્કનું બીજું નુકશાન તો સ્વયંસ્પષ્ટ છે. બહાર ફેંકેલા ઉચ્છ્‌વાસમાં ફેફસાએ લોહીમાં ભળેલા કાર્બન ડાયોકસાઈડનો કચરો જ હોય છે. માસ્ક પહેરેલી સ્થિતિમાં શ્વાસ લેવા જતાં ચોખ્ખી હવાને બદલે આ કાર્બન ડાયોકસાઈડ યુક્ત ઝેરી હવા આપણાં ફેફસાંમાં ઠલવાતાં સ્વાભાવિક રીતે જ આપણી પ્રતિકાર શક્તિ પર નકારાત્મક અસર પડે છે. આ તમામ મર્યાદાઓ છતાં કોવિડ-૧૯ની ધાક એટલી મજબૂત અને બિહામણી છે કે દુનિયાની મોટાભાગની વસતિ લાંબા સમય સુધી માસ્ક બાંધીને ફરવાની છે અને સોશિયલ ડિસ્ટંસ ભલે પૂરેપૂરું નહીં હોય તોય આંશિક રીતે તો પાળવાની જ છે. વળી લગભગ દરેક પ્રગતિશીલ દેશે પોતપોતાની ફાર્મા કંપનીઓ દ્વારા કોરોનાની રસી બનાવવાના પ્રયાસો હાથ ધર્યા છે, જે મોડી વહેલી બજારમાં મુકાશે ત્યારે લોકોએ મોતની બીક સામેની ઢાલ તરીકે ફરજિયાત ખરીદવાની નોબત આવશે. આમ કોરોના પૂર્વેની માનવીની માનવી સાથેની ઘનિષ્ઠતા, મૈત્રી, સ્પર્શસુખ વગેરે ભૂતકાળની બાબત બની જાય તો નવાઈ નહીં. એક જુદી જ ભયગ્રસ્ત જીવનશૈલી સાથે જીવવાનો અભિશાપ લઈને પ્રગટેલ વાઈરસ માનવીને ફક્ત માનવીતી જ નહીં, ઈશ્વરથી પણ દૂર કરી રહેલ છે. રામનવમી, મહાવીર જયંતી, હનુમાન જયંતી, ઈસ્ટર કે ઈદ જેવાં પર્વો કયારે આવ્યાં ને સરી ગયાં એની પણ લોકડાઉનમાં કેદ થયેલ માનવીને ખબર નથી રહી. માનવીને બરાબર ઠસી ગયું છે કે કોરોનાની કોઈ ખાસ દવા શોધાઈ નથી, રસી બની નથી અને મંદિર-મસ્જિદ-ચર્ચ કે ગુરુદ્વારાના તો દરવાજા બંધ કરી દેવાયા છે. ઈશ્વર પણ આ મહામારીથી માનવીને બચાવી નહીં શકે એવી દઢ નકારાત્મક માન્યતા ધીરે ધીરે જનસાધારણના માનસમાં ઘર કરી રહી છે.

# લોકડાઉન એ તંત્રની સત્તાનો વિષય છે : હાઈકોર્ટ



કાયદો અને કાનૂન
અશ્વિન ત્રિવેદી

- કોર્ટે બંધારણની કલમ ૨૨૬ મુજબ તેમાં હસ્તક્ષેપ કરવો જોઈએ નહી
- નિયમોનું પાલન ના કરાય તો એફઆઈઆર નોંધવા માટે ગુજરાત પોલીસ કટીબધ્ધ છે
- લોકડાઉન એ આમ જનતાના લાભાર્થે છે અને જનતાની સુખાકારીનો ઉદ્દેશ સમાયેલો છે

કોરોનાને કારણે જુદા જુદા શહેરમાં સંપૂર્ણ લોકડાઉન કરવામાં આવેલ જેમાં અમદાવાદને લોકડાઉન કરતા કોર્પોરેશનના નિર્ણય સામે પીટીશન કરવામાં આવતા ગુજરાત હાઈકોર્ટની ખંડપીઠે જણાવ્યું છે કે લોકડાઉનએ તંત્રનો વિષય છે, સત્તા છે. જેમાં હાઈકોર્ટ નિર્ણય કરી શકે નહિ. શહેરની પરીસ્થિતિ પ્રમાણે લોકડાઉન તંત્ર કરી શકે છે પરંતુ લોકડાઉનના કારણે સમાજના છેવાડાના વ્યક્તિ સુધી ભોજન, જીવજ જરૂરી વસ્તુઓ પહોંચે તેની વ્યવસ્થા સરકારે કરવાની રહે છે.

લોકડાઉનના કારણે સામાન્ય નાગરિકોને હાલાકીમાં મુકાવું પડે છે પરંતુ તે લોકોની સલામતી માટે જ આવા નિર્ણય લેવામાં આવતા હોય છે. પ્રવર્તમાન પરીસ્થિતિમાં માનવીનું જીવન જ સૌથી મહત્વનું છે. તેથી કયારે અને કેવી રીતે લોકડાઉન કરવું એ તેમજ તેનો તેની અમલવારી કેવી રીતે કરવી તે બાબત ઓથોરીટીની છે. કોર્ટે બંધારણની કલમ ૨૨૬ મુજબ તેમાં હસ્તક્ષેપ કરવો જોઈએ નહી પરંતુ રાજય સરકારે આવા સમયે ગરીબો, વંચીતોને ઓછામાં ઓછી હાલાકી પડે તેવી વ્યવસ્થા ગોઠવવી જોઈએ. અનાજ, શાકભાજી, કરીયાણું વગેરેનો પુરવઠો તમામને મળી રહે તેવી પણ વ્યવસ્થા કરવી જોઈએ.

એપ્રિતલ-મે ના લોકડાઉનના કારણે નાગરિકો ભારે હાલાકીમાં મુકાયા હોવાના આક્ષેપ કરી વિનોદ પંડયા તથા પ્રિયંકા પંડયાએ નામદાર ગુજરાત હાઈકોર્ટમાં લોકડાઉનના નિર્ણયને રદ કરતી પીટીશન ગુજારતા નામદાર ગુજરાત હાઈકોર્ટના જસ્ટીસ જે.બી. પારડીવાલા તથા જસ્ટીસ ઈલેશ વોરાની બેંચે સદર પીટીશન રદ કરતો નિર્ણય કરેલ. પીટીશનમાં રજદારે જણાવેલ કે ઓથોરીટી આવો મનસ્વી નિર્ણય કરી શકે નહિ અને એકાએક સંપૂર્ણ લોકડાઉન લાદી શકે નહિ. આવા નિર્ણયના પગલે લાખો લોકો ભુખ્યા રહે છે. તબીબી સેવાથી વંચીત રહે છે. કરીયાણાની દુકાનો પણ આ નિર્ણયથી બંધ કરવામાં આવી છે. શાકભાજી તથા અનાજ પણ લોકો મેળવી શકે તેમ નથી. માત્ર દૂધ ઉપર લોકો કેટલા દિવસ સુધી જીવી શકે.

મુખ્ય સરકારી વકિલશ્રી કમલભાઈ ત્રિવેદી તથા મનીષા લવકુમારે આ રીટને સરકાર તરફે વિરોધ કરી જણાવેલ કે આ નિર્ણય બહોળા જનહિતને ધ્યાનમાં રાખીને લેવામાં આવ્યો છે. ખાસ કરીને કોરોના મહામારીમાં મૃત્યુનો દર રીકવરીના દર કરતા વધુ હોવાથી આવો નિર્ણય સરકારે લેવો પડયો છે. શાકભાજી વેચનાર ફેરીયા, દુકાનદારો, ફળો વેચનાર કોરોના વાયરસના સુપર સ્પ્રેડર્સ છે તેથી આ સ્પ્રેડર્સ અન્યોને વાયરસનો ચેપ ન લગાડે એ સુનિશ્ચિત કરવા લોકડાઉનનો નિર્ણય લેવાયો છે. સંપૂર્ણ લોકડાઉનના કારણે સારા પરીણામો મળ્યા છે. કોરોના કેસમાં ઘટાડો થયો છે. મૃત્યુના દરમાં પણ આ દરમ્યાન ઘટાડો નોંધાયો છે અને દર્દીનો રીકવરી રેટ પણ વધ્યો છે.

હાઈકોર્ટે સરકારી વકિલશ્રીની દલીલોને ધ્યાને લીધી સાથે સાથે તંત્રને ટકોર પણ કરેલ કે સામાન્ય માણસને લોકડાઉનમાં તકલીફ પડી રહી છે પરંતુ જે સમાજના છેવાડાનો માણસ છે એ સૌથી વધારે અસરગ્રસ્ત બન્યો છે તેમના ઘરોમાં હવે અનાજ પણ નથી, મજુરી કરી ખાનાર વર્ગ પાસે કામધંધા બંધ હોય પૈસા પણ ખલાસ થઈ ગયા હોય છે. લોકડાઉનના નિર્ણયને અમો હસ્તક્ષેપ કરતા નથી પરંતુ સરકાર પાસે આશા રાખીએ છીએ કે તેઓ આવા લોકો માટે અનાજ, કરીયાણું, શાકભાજી, દૂધની વ્યવસ્થા કરાવે તથા તંત્ર દ્વારા યોગ્ય વ્યવસ્થા ગોઠવવામાં આવે જેથી લોકડાઉન પણ પળાય અને લોકોને હાલાકી પણ ના ભોગવવી પડે. આવશ્યક ચીજવસ્તુઓ દૂધ, દવા , શાકભાજીની દુકાનો ચાલુ કરવી જોઈએ. કયારે અને કેવી રીતે લોકડાઉન કરવું એ તંત્રને સત્તા છે. કોર્ટે તેમાં હસ્તક્ષેપ ન કરવો જોઈએ પરંતુ સમાજના છેવાડાના વ્યક્તિ સુધી ભોજન, જીવનજરૂરીયાતની ચીજ વસ્તુઓ

**અનુસંધાન પાના નં ૭ પર**

# તું તારા માટે જે ઈચ્છે છે, તેવું બીજા માટે પણ ઈચ્છજે



WhatsApp ઑફ ધી વીક
નેહલ ગઢવી

**સુખી સ્થિતિમાં મેળવેલું જ્ઞાન દુઃખની સ્થિતિમાં નકામું થઈ જાય છે, માટે સાધકે પોતાની શક્તિ અનુસાર કષ્ટ અપનાવીને જાતને કેળવવી.**

**- મુનિ ભુવનચંદ્ર**

અત્યારે આપણે જે સમયમાં અને જે પરિસ્થિતિમાં જીવી રહ્યા છીએ તે એક અરસા બાદ ઈતિહાસમાં લખાઈ જશે ! આપણે ગુજરાતીઓ સંગ્રહ કરવામં અને લાંબા ગાળાના આયોજનો કરવામાં માનીએ છીએ. ત્યારે આજના આ સંજોગોને કારણે આપણું જીવન ફરી કયારે નોર્મલ કે રાબેતા મુજબનું થશે એ આપણા માટે એક ગુંગળાવી મૂકે એવી પરિસ્થિતિ છે. પણ એવા આ સમયમાં આપણે પરસ્પર એકબીજાની હિંમત, એકબીજાની ખુશી બનીને એ ખૂબ જરૂરી છે. સુમંત દેસાઈની આ નાનકડી વાર્તા આપણને આ વાત વધુ સારી રીતે સમજાવી શકશે :

"એક માણસનું જીવવું ઝેર થઈ ગયું. આશાનું એક નાનકડું કિરણ પણ કયાંક નજરે ચડ્યું નહોતું. એને થયું કે આ જીવનનો અંત લાવ્યે જ છૂટકો. શહેરની વચ્ચેથી રેલવે પસાર થાય ત્યાં જઈને, ગાડી આવે ત્યારે પાટા પર પડતું મૂકવાનું તેણે નક્કી કર્યું.

પણ ઘરેથી નીકળતાં બીજો પણ એક સંકલ્પ તેમે કર્યો કે, રસ્તામાં જે માણસો મળે તેમાંથી એકાદ પણ જો એના તરફ જોઈને જરાક સ્મિત કરે, એ સ્મિત વડે એના અંતરમાં લગીર હૂંફ પ્રગટાવે, તો મરવાની યોજના પડતી મૂકીને ઘરે પાછા ફરી જવું.

.... હવે એ વાતને ત્યાં રાખીએ. એ માણસનું પછી શું થયું, તે જવા દઈએ. પણ એક સવાલ થાય છે : એ માણસ ઘરેથી નીકળ્યો પછી, રસ્તામાં કદાચ તમે જ એને સામા મળ્યો હોત તો ? - બોલો, એનું શું થાત ?

ત્યાંથી ઘેર પાછા ફરવાનું કારણ તમે તેને આપી શક્યા હોત ? જરા વિચારી જોજો !"

અત્યારના આ સમયમાં સૌથી વધુ જો કોઈ વસ્તુ જરૂરી હોય તો તે છે સકારાત્મક અભિગમ અને સંવેદનાસભર હૈયું ! આપણે આ મહામારીમાંથી બહાર આવી જ જઈશું પણ જયાં સુધી આપણે આ માહોલમાં ટકી રહેવાનું છે ત્યાં સુધી આપણે પોતાનું સ્વાસ્થ્ય જાળવવાની સાથોસાથ આપણી આસપાસના લોકોમાં એક જાતનો વિશ્વાસ અને શ્રદ્ધા જન્માવી શકીએ કે 'આ સમય ચાલ્યો જ જવાનો છે' તો આ મુશ્કેલીને સરળતાથી હળવી કરી શકાશે. અંબાલાલ પુરાણીના અનુભવને સમજવા જેવો છે :

'એક બાળકે મને કાગળ લખ્યો છે તેમાં એ પૂછે છે : 'પારસમણિ ખરેખર હોય છે ખરો ?' એના જવાબમાં મારે કબૂલ કરવું જોઈએ કે પારસમણિ મને જોવા મળ્યો નથી. પણ એમ તો બધી વસ્તુઓ આપણે જાતે જોઈએ તો જ માનીએ, એવું કયાં હોય છે? ખરો પારસમણિ તો આપણા અંતરમાં રહેલો છે. આપણી પોતાની અંદર જ કોઈક એવી વસ્તુ રહેલી છે કે જેના સંબંધમાં આપણે આવીએ, તો આપણી જિંદગી બદલાઈ જાય; આપણે પોતે જેવા હોઈએ તે મટી જઈને જુદા જ બની જઈએ.'

તો આવો આપણામાં રહેલા આ પારસમણિને ઓળખીએ અને મુઠ્ઠી ઉંચેરા માનવી બની રહીએ! કોઈની મદદ કરીએ, કોઈના ચહેરા પરની ખુશીનું કારણ બનીએ, કોઈનું આંસુ લૂછીએ, કોઈની હિંમત બનીએ !

**Last Seen :**

**"તું તારા માટે જે ઈચ્છે છે, તેવું બીજા માટે પણ ઈચ્છજે. તારા પોતાના માટે જે નથી ઈચ્છતો, તેવું બીજાને માટે પણ ન ઈચ્છતો."**

**- મુનિ ભુવનચંદ્ર**

- nehalgadhavi101@gmail.com

# દારૂબંધીનો દંભ ચીરવાના ગુજરાત અભિયાનના સારથિ શંકરસિંહ



અતિતની આજ
ડૉ. હરિ દેસાઈ

- **પૂર્વ મુખ્યમંત્રી વાઘેલા દારૂ નહીં પીતા હોવા છતાં દારૂબંધી હટાવોના નારા સાથે મેદાનમાં કૂદી પડ્યા**
- **ગાંધીવાદીઓ પણ મૂકપ્રેક્ષક બનીને બધા ખેલ નિહાળ્યા કરે છે અને પોતાનાં હિત જાળવવામાં રમમાણ**
- **ગુજરાતમાં વર્ષ ૨૦૨૨માં તિજોરી પર રૂપિયા ૩.૭૨ લાખ કરોડનું દેવું ઝળૂંબે છે ત્યારે બાપુનો ઈલાજ**
- **ભાજપની સરકારો છે એ તમામ રાજ્યોમાં દારૂની છૂટ છે એટલે સત્તાપક્ષ પોતાની નીતિ નિર્ધારિત કરે**

માત્ર અગિયાર મહિનાની ટનાટન સરકારના મુખ્યમંત્રી રહેલા શંકરસિંહ વાઘેલાનું અધૂરું સ્વપ્ન હવે પરિપૂર્ણ કરવા એ મેદાને પડ્યા છેઃ મૂળ સંઘ-ભાજપના બળવાખોર બાપુ તરીકે મશહૂર વાઘેલાને એ વેળા કૉંગ્રેસના ટેકે સરકાર ચલાવવાની ગરજ હતી, અન્યથા એ દારૂબંધી ઊઠાવી લેવાના મતના હતા. જોકે એમણે એ વેળા પોલીસ ખાતા પાસેથી દારૂબંધીની નીતિના અમલીકરણને લઈને નશાબંધી ખાતાને અને એ પણ કુલદીપ શર્મા જેવા ડેરડેવિલ આઈપીએસ અધિકારીને એનો અખત્યાર સોંપ્યો હતો. સાથે જ દારૂબંધી હળવી કરીને લોકોને સારી ગુણવત્તાવાળો દારૂ મળી રહે, ઘરમાં બેસીને પીનારાઓને પોલીસ કનડે નહીં અને રાજ્ય સરકારની આવક વધે એ રીતે પરમિટ આપવાના નિયમો કર્યા હતા. એ પછી દારૂની રેલમછેલવાળા ગુજરાતમાં સતત ભાજપનું શાસન રહ્યું, પણ નરેન્દ્ર મોદીના શાસન દરમિયાન ફરી પોલીસને અમલ સોંપવા ઉપરાંત સ્પેશિયલ ઈકોનોમિક ઝોન (એસઈઝેડ)માં છૂટથી દારૂ મળે એવી વ્યવસ્થા કરીને ઔદ્યોગિક મૂડીરોકાણ અને પર્યટનને પ્રોત્સાહિત કરવાની દિશામાં પગલાં ભર્યાના સરકારી પરિપત્રો કર્યા હતા. નશાબંધી ખાતાની સત્તાવાર વેબસાઈટ પર એ આજે ય ઝગારા મારે છે. આજકાલ તો સ્ટેચ્યૂ ઓફ યુનિટી ક્ષેત્રમાં પણ દારૂ છૂટથી મળી શકે એ દિશામાં વિચારણા ચાલી રહી હતી ત્યાં જ કોરોનાના લોકડાઉનના પ્રતાપે બેકાર થયેલાઓને રોજગારી અને સરકારી તિજોરીમાં આવક વધે એવા ઈલાજ સાથે શંકરસિંહ પોતે દારૂ નહીં પીતા હોવા છતાં દારૂબંધી હટાવો ઝુંબેશ લઈને મેદાનમાં આવી ગયા છે. બાપુની વાતે ઘણાને આશ્ચર્યમાં મૂકી દીધા છે. જોકે એમનો તર્ક બહુ સ્પષ્ટ છે અને ઘણાને ગળે ઉતરે તેવો પણ છે કે અત્યારે દારૂબંધીના અમલમાં છૂટથી દારૂ મળે છે, પણ સરકારી તિજોરીમાં માત્ર ૧૨૬ કરોડ રૂપિયાની જ આવક થાય છે; બાકી પોલીસ, બૂટલેગરો અને રાજકીય શાસકોને ઘીકેળાં છે. ગાંધી-સરદારની દુહાઈ દેનારાઓ દારૂબંધીનો કડક અમલ થશે એવા હાકલાદેકારા કરતા રહે છે, પણ અમલ કેવો છે એ સર્વવિદિત છે.

**અબજોનું દેવું છતાં આવક ગુમાવાય છે**

રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધી નશાબંધીના પ્રખર હિમાયતી હતા. તેમના મતે, ભારતની ગુલામી અને ગરીબી નશાખોરીના કારણે હતી અને તેથી જ તેઓ કહેતા કે મને જો એક દિવસ માટે પણ ભારતનો સરમુખત્યાર બનાવવામાં આવે તો હું સૌથી પહેલું કામ દારૂની તમામ દુકાનો વળતર ચુકવ્યા સિવાય બંધ કરાવું. જોકે આજકાલ નામ ગાંધીનું લેવાય છે,પણ પૂજા નથુરામ ગોડસેની કરવાની ફેશન ચાલે છે. ગાંધીવાદીઓ પણ મૂકપ્રેક્ષક બનીને બધા ખેલ નિહાળ્યા કરે છે અને પોતાનાં હિત જાળવવામાં રમમાણ છે. મુશ્કેલી એ થઈ કે બંધારણના માર્ગદર્શક સિદ્ધાંતોમાં રાષ્ટ્રીય કક્ષાએ દારૂબંધીના અમલનો આદર્શ સ્વીકારવામાં આવ્યો હોવા છતાં એ અંગે નિર્ણય રાજ્યો પર છોડાયો છે. મહારાષ્ટ્રમાં વર્ધા જિલ્લામાં ગાંધીના પ્રભાવને કારણે સંપૂર્ણ દારૂબંધી હોવા છતાં ત્યાં છૂટથી દારૂ મળે છે. દેશનાં ઘણાં રાજ્યોમાં દારૂબંધી દાખલ કરીને ઊઠાવી લેવાતી રહી છે. અમેરિકામાં પણ આવા જ પ્રયોગો થતા રહ્યા છે. ગુજરાતમાં વર્ષ ૨૦૨૨માં રાજ્યની તિજોરી પર રૂપિયા ૩.૭૨ લાખ કરોડનું દેવું ઝળૂંબે છે ત્યારે શંકરસિંહ દારૂબંધી ઊઠાવી લેવાનો ઈલાજ સૂચવે છે. રાજ્યના દંભી રાજનેતાઓ ગાંધી-સરદારના નામની માળા જપતા રહે છે પણ મોટેભાગે દારૂનું સેવન કરતા હોય છે એટલું જ નહીં, ક્યારેક તો એકાદ કોંગ્રેસી મંત્રી તો દારૂના નશામાં સર્કિટ હાઉસમાંથી નિવસ્ત્ર થઈને દોડ્યા હતા. ભાજપના એક આદિવાસી મંત્રીએ માપમાં પીવાની સલાહ આપી ત્યારે એમનું પ્રધાનપદું ગયું હતું. હવે ઝાઝું રાજકીય વજન નહીં ધરાવતા હોવા છતાં શંકરસિંહ મુખ્યમંત્રી થવાનાં સમણાં જોઈ રહ્યા છે અને પોતે મુખ્યમંત્રી થાય ત્યારે દારૂબંધી હટાવશે એવું ગાઈવગાડીને કહે છે. તમિળનાડુમાં દારૂની છૂટ છે અને એની એકસાઈઝ તથા વેટની કમાણી વર્ષે ૩૧,૧૫૭ કરોડ રૂપિયાની છે. ગુજરાતમાં દારૂ પીનારાઓ પાસેથી સરકારી તિજોરીમાં વર્ષે માત્ર ૧૨૬ કરોડ રૂપિયા જ જમા થાય છે. એની સામે રાજસ્થાનમાં વર્ષે ૯,૩૦૦ કરોડ રૂપિયા, ઉત્તર પ્રદેશમાં ૨૫,૧૦૦ કરોડ રૂપિયા, મહારાષ્ટ્રમાં ૨૫,૫૦૦ કરોડ રૂપિયા, કર્ણાટકમાં ૧૯,૭૫૦ કરોડ રૂપિયા, પશ્ચિમ બંગાળમાં ૧૦,૫૫૪ કરોડ રૂપિયા, મધ્યપ્રદેશમાં ૯,૫૦૦ કરોડ રૂપિયાની અને તેલંગણમાં ૧૦,૩૧૩ કરોડ રૂપિયાની આવક દારૂ પરના કરમાંથી થાય છે. બીજાં બટુક રાજ્યોમાં પણ દારૂની છૂટ છે અને એ પેટે આવક થાય છે એટલે ગુજરાતમાં પણ દારૂબંધી ઊઠાવી લઈને આવક થાય એ દિશામાં પગલાં લેવાવાં જોઈએ એવી દલીલ કરાય છે. આની સામે ગુજરાત મહિલાઓ માટે સુરક્ષિત હોવાની હકીકત માટે દારૂબંધી જવાબદાર હોવાનું કહેવાય છે. જોકે આ તર્ક પણ ખોટો હોવાના તુલનાત્મક આંકડા ઈન્ડિયા ટુડેએ પ્રકાશિત કર્યા છે. એ મુજબ, ગોવા સૌથી સુરક્ષિત છે અને ત્યાં દારૂબંધી નથી.મહિલાઓ માટે સુરક્ષિત રાજ્યોના ક્રમમાં ગુજરાતનો ક્રમ ૧૬મો આવે છે. સંયોગ એવો છે કે મહિલાઓ માટે સુરક્ષિત લેખાતાં કર્ણાટક, પંજાબ, મહારાષ્ટ્ર કેરળ, આંધ્ર પ્રદેશ વગેરે દારૂની છૂટવાળાં રાજ્યો છે. ગુજરાત હાઈકોર્ટમાં દારૂબંધી વિરુદ્ધ ખટલો પણ વિચારાધીન છે. જોકે શંકરસિંહ અને એમના દારૂબંધી ઊઠાવી લેવાના પક્ષધર ટેકેદારો અનુકૂળ તર્ક રજૂ કરે છે, છતાં રાજ્ય સરકાર દારૂબંધી હટાવવાની હિંમત કરે એ શક્યતા નહિવત છે.

**બાપુ હવે મોદીની ભૂમિકા ભણી**

ક્યારેક બાપુ મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીની ટીકા કરતા હતા અને હવે એ જાણે દારૂબંધી હળવી કરવા કે ઊઠાવી લેવાની નીતિનું સમર્થન કરી રહ્યા છે એ જરા ભેદી રાજરમત જણાય છે. ઉચ્છલ-નીઝરના વિધાનસભ્ય રહેલા કાંતિ ગામીત આદિજાતિ વિકાસ રાજયપ્રધાન તરીકે છોટાઉદેપુર જિલ્લાના અંતોલીમાં શાળા પ્રવેશોત્સવમાં ગયા ત્યારે બાળકો સમક્ષ દારૂ પીવાની વાતે વળી ગયા હતા અને મંત્રીપદ ખોઈ બેઠા. ગુજરાતની મે ૧૯૬૦માં સ્થાપના થઈ ત્યારથી દારૂબંધી અમલમાં હોવા છતાં રાજ્યમાં દારૂની રેલમછેલની નવાઈ નથી, પણ ખુદ પ્રધાન ઊઠીને દારૂ 'સાવ જ બંધ કરો એવું નથી કહેતો, પણ માપમાં પીઓ' જેવી સલાહ આપે ત્યારે ચોખલિયાઓ માટે મૂંઝવણ થવી સ્વાભાવિક છે. બિચારા કાન્તિ ગામીતે કાંઈક કહ્યું, વાસ્તવમાં ઓછો નશો કરવાની વાત કરી, તો એમના પર આળ આવ્યું કે એમણે મહાત્મા ગાંધીના ગુજરાતને લજવ્યું, પણ પૂર્વ મુખ્યમંત્રી શંકરસિંહ વાઘેલાએ પોતાના શાસનકાળમાં દારૂબંધીની નીતિના કડક અમલની કરેલી જોગવાઈને બદલીને મોદીયુગમાં ઉદ્યોગપતિઓને આકર્ષવા કે પર્યટકોને આકર્ષવા કે પછી ગુજરાતના એવા બીમાર નાગરિકો કે જેમની તબિયત દારૂ પીવાથી જ સારી જળવાય, એમના માટે સ્વયં ગુજરાતની ભાજપ સરકાર પોતાના સત્તાવાર પરિપત્રોથી દારૂબંધી હળવી કરતી હોય ત્યારે ગાંધીનું કે ગુજરાતનું નામ લજવાતું નથી.

**મહાત્મા ગાંધીની આમન્યાનો લોપ**

દક્ષિણ ગુજરાતના તાપી જિલ્લાના કાન્તિ ગામીતે જે વિવાદ સર્જ્યો, એના કારણે ગુજરાત સરકારની સત્તાવાર વેબસાઈટ પર નશાબંધી અમલીકરણની નીતિ અને એના પરિપત્રો વાંચતાં વધુ આઘાતજનક અનુભૂતિ થઈ. ગામીત દારૂ પીવાની પરંપરા ધરાવતા સમાજને નશાનું પ્રમાણ ઓછું કરવાનું કહી રહ્યા હતા, ત્યારે ગુજરાતમાં નરેન્દ્ર મોદી મુખ્યમંત્રી તરીકે આવ્યા ત્યારથી લગાતાર દારૂબંધી હળવી કરવાના અને છૂટથી વિદેશી દારૂની પરમિટો દેશી લોકોને 'આરોગ્યના કારણોસર' આપવા ઉપરાંત વિદેશી મહેમાનોને દારૂની પરમિટ અને કોન્ફરન્સો માટેની ગ્રુપ-પરમિટ તેમજ સ્પેશિયલ ઈકોનોમિક ઝોન(એસઈઝેડ)વાળાઓને લિકર-કાર્ડ આપવાની ઉદારનીતિ અપનાવી હોવાનું અમારા ધ્યાને આવ્યું. ઓછામાં પૂરું તમને વિદેશી દારૂ ક્યાંથી મળે એના રાજ્યભરના 'લોકોપયોગી પરવાનેદારોની યાદી' અને સરનામાં સાથેની યાદી પણ ગુજરાત સરકારની સત્તાવાર વેબસાઈટ પર મૂકાયેલી વાંચવા મળી હતી. ગુજરાત સરકારે હવે નશાબંધી નીતિ અંગે નીરક્ષીર કરવું અનિવાર્ય એટલા માટે છે કે દેશમાં ભાજપની સરકારો છે એ તમામ રાજ્યોમાં દારૂની છૂટ છે એટલે સત્તાપક્ષ પોતાની નીતિ નિર્ધારિત કરે અથવા ગુજરાતમાં દંભી દારૂબંધી ઊઠાવી લે એવું રાજકીય દબાણ શંકરસિંહ આણિ મંડળી નિર્માણ કરી રહ્યાનું લાગે છે. ગુજરાતમાં જ ગાંધીજીને ગુડબાય કહેવાના સંજોગો પેદા થતા લાગે છે.

- haridesai@gmail.com